# ક્રોસ રસ્તાઓ બંધ કરી રીક્ષા સ્ટેન્ડ બનાવવા રજુઆત

## શહેરમાં વધતા ટ્રાફિકને ડાયવર્ટ કરવા જરૂરી ઠેકાણે સર્વિસ રોડ બનાવવા માંગ

ગાંધીનગર તા ૬

શહેરમાં મુખ્યમાર્ગો પર અસ્તિત્વ ધરાવતા ક્રોસ રોડને બંધ કરવા ઉપરાંત સર્વિસ રોડનુ આયોજન કરવા માટે યોગ્ય આયોજન કરવા શહેર વસાહત મહામંડળ દ્વારા જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી છે. મહામંડળની રજુઆતમાં આડેધડ ફુટપાથનનુ નિર્માણ કરાયુ હોવાની નારજગી વ્યક્ત કરી રીક્ષા સ્ટેન્ડ માટે પણ યોગ્ય આયોજન કરવામાં આવે તેમ પણ જણાંવાયુ છે.

શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને યોગ્ય કરવાના મામલે સતત ઉપેક્ષા થતી આવી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. શહેરમાં ગતિનિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનો અકસ્માતને નોંતરે છે. જયારે પૈડા પરની જિન્દગી જોખમી બનતા માર્ગ અકસ્માતોની વધતી સંખ્યા વચ્ચે મૃત્યુઆંક પણ મોટો થતો જાય છે. બદલાતા વિકાસના આયામો અને વધતી વસતીની સાથે વાહનોની સંખ્યામાં પણ અધધ વધારો થયો છે.જેના લીધે નગરના મુખ્ય માર્ગોથી લઈ સેકટરોના એપ્રોચ માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. નગરમાં મેગાસીટીની જેમ હવે પીક અવર્સમાં ટ્રાફિક ધમધમી રહયો છે. ત્યારે શહેરના રોડ નેટવર્કમાં પણ જરૂરી સુધાર કરવો અનિવાર્ય હોવાનુ મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ છે. મહામંડળના પ્રમુખે જિલ્લા કેલકટરને આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ શહેરમાં હવે રસ્તાઓના આયોજનમાં જરૂરી ફેરફાર કરવાની અનિવાર્યતા છે. શહેરમાં ક્રોસ રસ્તાઓ બંધ કરવા તેમજ જરૂરી ઠેકાણે સર્વિસ રોડ બનાવવાની દિશામાં પણ આયોજન કરવાનો સમય પાકી ગયો છે. વધુમાં નગરના માર્ગોની આસપાસ આડેધડ ફુટપાથનુ નિર્માણ કરી દેવાયુ છે. પરંતુ રીક્ષા સ્ટેન્ડ સહીતના આયોજનો વિસરાઈ જતા આમ નાગરિકોની વધતી તકલીફો વચ્ચે માર્ગ સલામતીના પ્રશ્નો પણ ઉઠવા પામે છે. આવા સંજોગોમાં ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે સર્વિસ રોડ બનાવવા તેમજ રીક્ષા સ્ટેન્ડ બનાવવા પણ યોગ્ય આયોજન કરવામાં આવે તેમ પણ જણાંવાયુ છે.

## વોર્ડ નં. ૮ના માર્ગો પર સ્પીડબ્રેકર્સ બનાવવા માંગ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ગ-૧ સંગીત સર્કલ ફરતે સેક્ટર-૩-ન્યુમાંથી આરટીઓ રોડને જોડતા રોડ પર, સેક્ટર-૨ અર્બન હેલ્થ સેન્ટર પાસેના ત્રણ રસ્તા તેમજ સે. ૨ના શોપીંગ સેન્ટર અને બગીચાની વચ્ચેના માર્ગે વારંવાર સર્જાતા અકસ્માતોના પગલે બમ્પ મુકવા માંગ ઉઠવા પામી છે. આ જગ્યાઓ પર છાશવારે નાના મોટા અકસ્માતો સર્જાવાથી રાહદારીઓને જોખમ સતાવી રહ્યું છે. જેના કારણે આ વિસ્તારના રહીશોમાં આ સ્થળોએ સ્પીડબ્રેકર લગાવાય તો વાહનોની ગતિમર્યાદા નિયત્રિંત થઈ શકે તેવી લાગણી પ્રવર્તી રહી છે.

સ્થાનિક રહીશોની લાગણીને અનુસંધાને આ વિસ્તારના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા પાટનગર યોજના વિભાગ નં. ૧ના નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર લખી આ સ્થળોએ સ્પીડબ્રેકર બમ્પ સત્વરે લગાવવા માંગ કરી છે.

## આજથી મગોડી ગામે ત્રિદિવસીય ક્ષેમ કલ્યાણી માતાની અને બ્રહ્માણી માતાજીનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ

### ત્રિદિવસીય મહોત્સવ દરમ્યાન યજ્ઞ, શોભાયાત્રા સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાનું મગોડી ગામ કે જે ભયુરધ્વજ રાજાની ધર્મનગરી તરીકે ઓળખાતી હતી. સોલંકી યુગમાં મૃગ પઠન નામે નામાંકિત બન્યું હતું. મગોડી ગામમાં આજથી ત્રિદિવસીય એટલે કે તા. ૮મી મે, ૨૦૧૭ સુધી ક્ષેમ કલ્યાણી માતાજી તથા ગોત્રદેવી બ્રહ્માણી માતાજીની મૂતિ પ્રતિષ્ઠાનો ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ યોજાનાર છે.

ત્રિદિવસીય આ કાર્યક્રમમાં યજ્ઞ, પ્રાણપ્રતિષ્ઠા, શોભાયાત્રા જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. આજે સવારના ૮ કલાક યજ્ઞનો પ્રારંભ થયો હતો. સવારના ૧૦ કલાકે શોભાયાત્રાએ ગામમાં પ્રરિભ્રમણ કર્યું હતું. તા.૭મી મેના રોજ વિવિધ કાર્યક્રમો, મહાપ્રસાદ તથા ૮મી મે ૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૩૦ કલાકે અભિજીત મુહૂર્તમાં પ્રાણપ્રતિષ્ઠા થશે અને સાંજે ૫ કલાકે યજ્ઞની પૂર્ણાહૂતિ થશે. તો આ તમામ કાર્યક્રમોમાં ભાગ લઈ દર્શનનો લાભ લેવા સમસ્ત મગોડીના ગ્રામજનો દ્વારા નિમંત્રણ પાઠવાયું છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




રીસાયકલ સારી વાત છે પરંતુ ઘરમાં તો મને તાજુ ખાવાનું આપ... રોજ રીસાયકલ કુડના નામે વાસી રોટલી ન પીરસ...

## સિવિલ હોસ્પિટલમાં સીટીસ્કેન રિપેરીંગ કરવા મેયર પ્રવિણ પટેલની તાકીદ

### એમ.આર.આઈ.ની સુવિધા શરૂ કરવા સૂચન કરી સ્વચ્છતાના તમામ માપદંડોના અમલ માટે આગ્રહ કર્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતા મિશન અંતર્ગત તેઓ મુલાકાતે ગયા હતા. કર્મયોગીઓની નિયમિતતા અંગે પણ તેમણે આ મુલાકાત દરમ્યાન ચર્ચાઓ કરી હતી. સિવિલ હોસ્પિટલમાં પાણીની સમસ્યા અંગે આગ્રહી બનવા માટે સત્તાવાળાઓને જણાવી સ્વચ્છતાના તમામ માપદંડોનો અમલ થાય તે જોવા જણાવ્યુ હતુ.



જેમાં તેમણે સિવિલમાં અપાતી વિવિધ સેવાઓ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે જિલ્લાકક્ષાની આ હોસ્પિટલ હોવાથી સીટીસ્કેન બંધ હાલતમાં હોય તે બરાબર નથી.

ગાંધીનગરમાં માર્ગ અકસ્માતના બનાવો વધ્યા છે એટલુ જ નહિ હવે મેડીકલ કોલેજ સંલગ્ન આ હોસ્પિટલ હોઈ વધુ સારી સુવિધા ઉપલબ્ધ બને તેવી નગરજનોની ઈચ્છા પૂર્ણ થાય એ પણ જરૂરી છે. પણ ચર્ચાઓ કરી હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બંધ પડેલ સીટી સ્કેન મશીન સત્વરે ચાલુ કરાવવા માટે સિવિલ સત્તાવાળાઓને આજે મેયર પ્રવિણ પટેલે તાકીદ કરી હતી.

સિવિલ હોસ્પિટલની મુલાકાતે ગયેલા મેયરે એમ.આર.આઈ.ની સુવિધા પણ સત્વરે શરૂ થાય તે જોવા આગ્રહ કર્યો હતો. તેમણે સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતા માટે વિશેષ

મેયરે ૬૫૦ જેટલા દર્દીઓને મહિને સરેરાશ ડાયાલીસીસની અપાતી સેવાને બિરદાવી હતી.

મેયરે સેવાઓની ગુણવત્તા અંગે પણ દર્દીઓ સાથે વાર્તાલાપ કરી તેને શ્રેષ્ઠત્તમ સુધી લઈ જવા માટે સૂચવ્યુ હતુ. સિવિલ હોસ્પિટલના ૩૮ વોર્ડના વિવિધ દર્દીઓ સાથે તેમણે ખુલ્લામને સારી સેવાઓ માટે તમામ કર્મયોગીને અભિનંદનના અધિકારી લેખાવ્યા હતા.

## ઉવારસદ સ્થિત યુનાઈટેડ સ્કૂલ ઓફ લૉ કોલેજ ખાતે નિઃશુલ્ક કાનૂની સહાય જાગૃતિ અભિયાન

ચિલોડા, તા. ૬

યુનાઈટેડ સ્કૂલ ઓફ લૉ કોલેજ, ઉવારસદ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર તથા ઠાકોરે પ્રાસંગિક પ્રેરણાદાયી પ્રવચનમાં સરકારી લાભાર્થી યોજનાની વિસ્તૃત સમજણ અને હક્કો અને ફરજો અંગે હરહંમેશ ઉવારસદ ગામના વર્તમાન સરપંચ તથા પૂર્વ સરપંચ, ડે. સરપંચ, જિલ્લા તાલુકા અને ગ્રામકક્ષાના આગેવાનો, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના



ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક કાનૂની સહાય જાગૃતિ અભિયાન અંતર્ગત એક કાનૂની શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા શુભારંભ કરાયો હતો.

આ પ્રસંગે લૉ કોલેજના પ્રિ. મિનલ ઉપાધ્યાયે શાબ્દિક પ્રવચન દ્વારા સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ મહાનુભાવોનું બુકે આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે શંભુજી વાકેફ રહેવા અપીલ કરી હતી. આ પ્રસંગે લૉ કોલેજના અધ્યાપકો અને વિદ્યાપીઠો દ્વારા ઉવારસદ ગ્રામજનોના લાભાર્થે એમ્પી થિયેટરમાં ગ્રામજનોના અનુકુળ સમયે શેરીનાટકો અને વાર્તાલાપ દ્વારા છેવાડાના લોકોને મફત કાનૂની સહાય કેવી રીતે પહોંચી શકે અને સહાય મેળવવામાં લૉ કોલેજમાં આપેલ કાનૂની સહાય કેન્દ્ર કેવી રીતે મદદરૂપ બની શકે તે સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે શંભુજી ઠાકોર, પેરાલીગલ વૉલન્ટીયર ભંડારી, સુધીર દેસાઈ, જયરામભાઈ સોની, રાજુભાઈ ગજ્જર, નટુભાઈ પટેલ, સુનિલ ભંડારી, વિમળાબેન, પેનલ એડવોકેટ વગેરે ઉપસ્થિત રહી અનેરૂ પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે આજના સમયમાં કાયદાની સમજ અને મફત કાનૂની મદદ કેટલી મહત્વની છે તે સમજાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરમાં ટપાલ સેવાના પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ સે-૧૧ દ્વારા આગામી તા.૨૬ મે ને શુક્રવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ડાક અદાલતનો પ્રારંભ સે-૧૧ મુખ્ય પોસ્ટ કચેરી ખાતે થશે.મુખ્ય પોસ્ટ કચેરીના સુપ્રિટેન્ડન્ટ શશી ઉત્તમે જણાવ્યું છે કે ગાંધીનગર ડિવીઝનમાં મુખ્ય ૩ ટપાલ સેવાની કચેરી આવેલી છે. જયારે ૮૦ સબ પોસ્ટ અને ૪૫૭ નાની ટપાલ કચેરીઓ મળીને કુલ ૫૪૦ ટપાલ કચેરીઓ કાર્યરત છે. તેમ છતા શહેરમાં ટપાલ સેવાને લગતી ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. ત્યારે નાગરીકોને સ્પર્શતા ટપાલ સેવાના વિવિધ પ્રશ્નો અંગે ડાક અદાલતનું આયોજન ટપાલ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. શહેરના નાગરીકોએ પોતાની ફરિયાદ સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓપ પોસ્ટ ઓફિસ ગાંધીનગર ડિવિઝનને તા. ૧૨ મે સુધી મોકલી આપવા જણાવાયું છે. ત્યારબાદ મળેલી અરજીને ડાક અદાલતમાં સમાવેશ કરવામાં આવશે નહી.

## વેસ્ટર્ન ઝોન રેલવે યુઝર્સ કન્સલટેટીવ કમિટીમાં ઘનશ્યામભાઈ અમીનની નિમણુંક

ગાંધીનગર, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં રેલવે પ્રધાન સુરેશભાઈ



પ્રભુએ વેસ્ટર્ન ઝોન રેલવે યુઝર્સ કન્સલટેટીવ કમિટીમાં ગુજરાતના જાણીતા સહકારી આગેવાન અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીનની આ કમિટીના ડાયરેક્ટર તરીકે નિમણુંક કરેલ છે, જેથી ગુજરાતનું ગૌરવ વધ્યું છે.

રેલવેની વિવિધ સમસ્યાઓ ખાસ કરીને પ્રવાસીઓની સુવિધાઓ અને સવલતોને લગતા પ્રશ્નોના નિરાકરણ અને રેલવેની વિવિધ સેવાઓની ગુણવત્તા સુધારવા માટે રચાયેલ આ સમિતિમાં ઘનશ્યામભાઈ અમીનની નિમણુંક થતા તેમનો બહોળો અનુભવ સમસ્યાઓના નિરાકરણમાં ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

## રાજ્યપાલશ્રીનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા. ૬

વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંધ્યા ૭મી મે, ૨૦૧૭ના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીનો પ્રજાજોગ સંદેશ દૂરદર્શન કેન્દ્ર પરથી સાંજે ૬.૫૦ વાગે તથા આકાશવાણી કેન્દ્રો પરથી રાત્રીના ૯.૧૬ વાગે પ્રસારિત થશે.

## આરએસએસ દ્વારા આયોજિત રમતોત્સવનું સમાપન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૫ અને સેક્ટર-૧ ઉના ધો-૫ થી કોલેજ સુધીના બાળકોની રમત ગમત સ્પર્ધા તા. ૨૪-૪-૨૦૧૭થી ૨-૫-૨૦૧૭ દરમિયાન યોજવામાં આવી. બાળકોને જુદી જુદી રમતો જેમ કે ક્રિકેટ, ૧૦૦ મીટરની દોડ, ૨૦૦ મીટરની દોડ, રસ્સા ખેંચ, લીંબુ ચમચી, ગોળા ફેંક, કબડ્ડી, બેઠાની ખો...ખો., લંગડી વિગેરે રમતોની સ્પર્ધા યોજવામાં આવી. તેમાં વાવોલના પૂર્વ સરપંચશ્રી કમલેશસિંહ ગોલના સહયોગથી જુદી જુદી ૯ રમતોની સ્પર્ધા યોજવામાં આવી. જેમાં કુલ ૧૯૮ વિદ્યાર્થી અને ૨૯ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શીશુ, બાલ, તરૂણ જેવા પ્રત્યે બાળકોમાં રમત પ્રત્યે રૂચિ વધે અને બાળકોનું સાહસ, શૌર્ય, ખેલદીલી, ચપળતા અને અભિરૂચિ જેવા ગુણો ખીલે, અંદર પડેલી શકિતઓ બહાર આવે અને બાળકોનું સ્વાસ્થ્ય સારું રહે તે હેતુથી રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું.

જેનો સમાપન અને સ્પર્ધક ઈનામ વિતરણ કાર્યક્રમ દિનાંક ૩-૫-૨૦૧૭ના રોજ સે-૫સીના જાહેર પટાંગણમાં યોજવામાં આવેલ હતો. જેમાં દાતા સહયોગી કમલેશસિંહ ગોલ, આરએસએસના નગર સંઘચાલક મનુભાઈ મોદી, મફતભાઈ વાઘેલા અને શાખાના કાર્યકર્તાના હસ્તે ઈનામ વિતરણ સ્પર્ધકોને આપવામાં આવ્યા હતા. ઉકત કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન-સંચાલન લક્ષ્મીકાંતભાઈ પરમાર, યોગેશભાઈ શુકલ, અરવિંદભાઈ પટેલ તેમજ શાખાના વિવિધ કાર્યકરોના યોગદાનથી કરાયું હતું અને આ રમતોત્સવના સફળ આયોજન બદલ સેકટર નિવાસી દરેક બાળકો અને વાલીઓએ સંનિષ્ઠ કામગીરીની પ્રશંસા કરી અને દર વર્ષે આવો જ રમતોત્સવ થતો રહે તેવી લાગણી વ્યકત કરી હતી.

## એચ-ટાટની ભરતીમાં બીએડ એમએડના ઉમેદવાર માન્ય ગણો

રાજયમાં એચ-ટાટ(મુખ્ય શિક્ષક-હેડ ટીચર્સ)ની ભરતીમાં બીએડ અને એમએડ કોલેજોના શિક્ષણનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પણ માન્ય ગણવા ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના ચુકાદામાં ઠરાવ્યું છે. એચ-ટાટની ભરતી અંગેની છેલ્લી તારીખ પહેલા સમયમર્યાદામાં અરજી ફોર્મ રજૂ કર્યું હોય અને અગાઉ એચ-ટાટ પાસ કરી ચૂકયા છે તેવા બીએડ અને એમએડ કોલેજોના શિક્ષણનો અનુભવ ધરાવતા ઉમેદવારોને મેરિટ પ્રમાણે જે તે જિલ્લામાં નિમણૂંક આપવા અંગે રાજય સરકારને હુકમ કર્યો હતો. હાઈકોર્ટે વધુમાં હુકમ કર્યો હતો કે, બીએડ-એમએડના શિક્ષણનો અનુભવ ધરાવતા જે ઉમેદવારોએ અરજી ફોર્મ કરવાની તા.૩-૨-૨૦૧૭ બાદ અરજીફોર્મ રજૂ કર્યા હોય તેવા ઉમેદવારોના ફોર્મ સત્તાવાળાઓએ સ્વીકારવા અને જરૂરી પરીક્ષા પાસ કર્યેથી તેઓને પસંદગી યાદીમાં નીચલા ક્રમમાં રાખી જયારે જગ્યા પડે ત્યારે તેઓના કેસ નિમણૂંક આપવા અંગે સત્તાવાળાઓએ વિચારણા કરવાની રહેશે. આ હુકમ સાથે હાઈકોર્ટે જુદી જુદી રિટ અરજીઓનો નિકાલ કર્યો હતો. રાજયમાં એચ-ટાટ(મુખ્ય શિક્ષક-હેડ ટીચર્સ)ની ભરતીમાં ઉમેદવારી અને નિમણૂંકથી વંચિત રહેલા બીએડ અને એમએડના શિક્ષણનો અનુભવ ધરાવતા સંખ્યાબંધ ઉમેદવારો દ્વારા હાઈકોર્ટમાં અલગ-અલગ રિટ અરજીઓ કરવામાં આવી હતી, જેમાં સિનિયર એડવોકેટ કે.બી.પૂજારા, એડવોકેટ વિરલ કે.સલોત અને એડવોકેટ દિપક. બી. પટેલે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, રાજયમાં એચ-ટાટની ભરતી પ્રક્રિયાની જાહેરાતમાં રાજય સરકારના સત્તાવાળાઓ દ્વારા વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક સહિતનો અનુભવ માંગવામાં આવ્યો હતો, બીએડ-એમએડના શિક્ષણનો અનુભવ ધરાવતા ઉમેદવારોનો કયાંય ઉલ્લેખ ન હતો.

### ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
ગાંધીનગર જિલ્લા પંચાયત મા. અને મ. વિભાગ
જાહેર નિવિદા નં. ૨/૨૦૧૭-૧૮નો સુધારો

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે મુજબના કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૫/૫/૨૦૧૭ તા. ૨૦/૫/૨૦૧૭ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | તા. ૨૯/૫/૨૦૧૭ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | તા. ૨૨/૫/૨૦૧૭ સમય ૧૨.૩૦ કલાક |

| | | |
|---|---|---|
| ૧. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર SR ઈન તાલુકા ગાંધીનગર પે.નં. SR/ગાંધીનગર/૦૧/૨૦૧૬-૧૭, તા.જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૧,૬૧,૫૭,૧૦૩.૩૨ |
| ૨. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર SR ઈન તાલુકા દહેગામ, પે.નં. SR/દહેગામ/૦૩/૨૦૧૬-૧૭ તા. દહેગામ, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૭૩,૧૬,૨૭૯.૪૬ |
| ૩. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર OWR ઈન તાલુકા દહેગામ પે.નં. NEW Road/OWR/Dehgam/૧૧/૨૦૧૬-૧૭, તા. દહેગામ, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૧,૭૫,૫૯,૫૬૯.૮૬ |
| ૪. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર SR ઈન તાલુકા કલોલ પે.નં. SR/કલોલ/૦૨/૨૦૧૬-૧૭, તા. કલોલ, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૮૧,૦૨,૯૮૩.૬૦ |
| ૫. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર SR ઈન તાલુકા માણસા પે.નં. SR/માણસા/૦૪/૨૦૧૬-૧૭, તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૭૭,૪૫,૭૪૭.૬૫ |
| ૬. | કન્સ્ટ્ર. ઓફ વેરીયસ રોડ અન્ડર MMGSY SCSP ઈન તાલુકા માણસા પે.નં.MMGSY/SCSP/Mansa/૧૧/૨૦૧૬-૧૭ તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૨,૭૩,૫૭,૩૭૨.૧૮ |
| ૭. | કન્સ્ટ્ર.ઓફ વેરીયસ રોડ અન્ડર MMGSY (OWR) ઈન તાલુકા માણસા પે.નં. MMGSY/New Road/OWR/MANSA/૧૨/૨૦૧૬-૧૭ તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૬૯,૫૩,૮૧૩.૪૬ |
| ૮. | કન્સ્ટ્ર. ઓફ વેરીયસ રોડ અન્ડર MMGSY SCSP ઈન તાલુકા માણસા પે.નં. MMGSY/SCSP/Mansa/૧૨/૨૦૧૬-૧૭, તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૨,૨૪,૩૦,૨૦૭.૧૩ |
| ૯. | કન્સ્ટ્રક્શન ઓફ સીસી રોડ અન્ડર સુવિધાપથ તાલુકો - જિલ્લો ગાંધીનગર | અં. રકમ રૂ. ૪૮,૭૨,૨૩૯.૫૮ |
| ૧૦. | કન્સ્ટ્ર.ઓફ વેરીયસ રોડ અન્ડર SCSP ઈન તાલુકા માણસા પે.નં. SCSP/Mansa/૧૩/૨૦૧૬-૧૭, તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૨,૮૨,૩૨,૫૯૪.૭૮ |
| ૧૧. | કન્સ્ટ્રક્શન ઓફ વાવોલ-છત્રાલ એસ.એચ.થી કૃષ્ણનગર એપ્રોચ રોડ, તા. જિ. ગાંધીનગર | અં.રકમ રૂ. ૪૯,૨૫,૬૪૮.૦૧ |
| ૧૨. | કન્સ્ટ્રક્શન ઓફ સીસી રોડ અન્ડર સુવિધાપથ, તા. જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૪૯,૫૦,૦૦૦.૦૦ |

માહિતી/૩૪૯/૧૭-૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515